ચાલો વનથળધામ...

જાહેર વિજ્ઞપ્તિ

આવી રહ્યું છે... ગુરુ ઋણમુક્તિનું મહાપર્વ... !!

વનથળધામ ખાતે
શ્રી સદ્‌ગુરુ વંદના જન્મ શતાબ્દી મહોત્સવ

તા. ૧ થી ૩ ડિસેમ્બર - ૨૦૧૯

પરમપૂજ્ય બા.બ્ર. ૧૦૮ ધર્મસેવાલંકાર વનથળનિવાસી સદ્‌ગુરુદેવશ્રી પુરસોત્તમલાલજી મહારાજનો 'સદ્‌ગુરુ વંદના જન્મશતાબ્દિ મહામહોત્સવ' સેવકો દ્વારા ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરવાનો સંકલ્પ કરેલ છે. આ મહોત્સવ વનથળધામ ખાતે રાખેલ છે.

આ કાર્યક્રમમાં અતિમહારુદ્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

આ અતિરુદ્ર મહાયજ્ઞનું આયોજન માગસર સુદ-૫ ને રવિવાર, તા. ૧-૧૨-૨૦૧૯ થી માગસર સુદ-૭ ને મંગળવાર, તા. ૩-૧૨-૨૦૧૯ એમ ત્રણ દિવસ દરમ્યાન ૧૨૧ કુંડી મહાયજ્ઞનો પ્રારંભ થશે. અનેક સંતો, મહંતો તથા વિદ્યમાન પંડિતો આ કાર્યક્રમને દિપાવવા તથા આશીર્વાદ આપવા ગુજરાત તથા ભારતભરમાંથી પધારશે. આ મહોત્સવ અંગેની અતિમહારુદ્ર યજ્ઞ આયોજક સમિતિ બનાવી છે તે તમામ વહીવટ કરશે.

આ અતિરુદ્ર મહાયજ્ઞમાં ૧૨૧ કુંડ થશે. તેમાં મુખ્ય પ્રધાન કુંડ ૯ રહેશે. અને તેની પ્રધાન કુંડની સેવા રૂા. ૧,૧૧,૧૧૧/- રાખેલ છે બાકીના કુંડોમાં એક કુંડ દીઠ ૪ યજમાન બેસશે તેની સેવા રૂા. ૫,૫૦૦/- રાખેલ છે તો આપણે સૌ સાથે મળીને યજ્ઞકુંડમાં યજમાન બની વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી ધન્યભાગી બનીએ.

આ યજ્ઞમાં જે કંઈ સાધન-સામગ્રી તેમજ રોકડ રકમ આપશે તેની સમિતિ સહર્ષ સ્વીકાર કરશે.

આ માંગલિક મહોત્સવનો અલભ્ય લાભ લેવા સમસ્ત ધર્મપ્રેમી જનતાને અમારુ હાર્દિક નિમંત્રણ છે.

આ માંગિલક પ્રસંગે **'શ્રી સદ્‌ગુરુ જીવન દર્શન સ્મૃતિ'** અંક બહાર પાડવામાં આવશે. જેમાં પૂજ્ય બાપુના પ્રવચન, વ્યાખ્યાનો તથા સેવકોએ પોતાને થયેલ સદ્‌ગુરુદેવનાં સંભારણાં મોકલવા જણાવવામાં આવે છે.

આ અંકમાં શુભેચ્છકની જાહેરાત સ્વીકારવામાં આવશે.

આ મહાન ભગીરથ કાર્યમાં સ્થાનિક વહીવટદારો, સ્વયંસેવકો તેમજ અન્ય સેવાકીય પ્રવૃત્તિ કરનાર શિષ્યગણનું નામ આ અંકમાં બહાર પાડવામાં આવશે. દરેક સ્વયંસેવકોને સન્માનપત્ર આપવાનું કમિટીએ વિચારેલ છે તો રથ આવે ત્યારે સ્વયંસેવકોની યાદી આપવા વિનંતી.

અતિરુદ્ર મહાયજ્ઞ

વિશેષ લ્હાવો

શ્રી સદ્‌ગુરુ પાદુકા મહાપૂજા (રાજોપચાર વિધી દ્વારા) કરવામાં આવશે પૂજામાં બેસનાર દરેક સેવકોને બાપુ તરફથી ચાંદીની ચરણ પાદુકા ભેટમાં આપવામાં આવશે.

આ જન્મ શતાબ્દિ મહોત્સવની વિશિષ્ટતાઓ

જ્યોતિરથ

(૧) વનથળધામ ખાતે ૧૦૦ એકર જમીનમાં પુરસોત્તમગનરનું ભવ્ય આયોજન.
(૨) એકસો એકવીસ (૧૨૧) કુંડી અતિમહારુદ્ર યજ્ઞનું ભવ્ય આયોજન.
(૩) ૨૧ ફુટના રુદ્રાક્ષના શિવલીંગનું ભવ્ય અને દિવ્ય આયોજન.
(૪) બાળનગરી, વ્યસનમુક્તિ કેમ્પ, સર્વરોગનિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, અશ્વશાળા, ગજશાળા, ગૌશાળા, અખંડધૂન, મંત્રલેખન, ફોટો-આર્ટ ગેલેરી, સદ્‌ગુરુ જીવન ગાથા, (ત્રિદિવસીય નાટક), સદ્‌ગુરુના જીવનચરિત્ર પર આધારિત પ્રદર્શન.
(૫) ભારતભરમાંથી પધારનાર મહામંડલેશ્વરો, સંતો-મહંતોના દિવ્ય આશીર્વાદ ધર્મસભા દ્વારા, ધર્મસંમેલન, સંતસંમેલન દરરોજ રાત્રે લોકડાયરો.
(૬) વિડિઓ પ્રોજેક્ટર દ્વારા ટેલીફિલ્મ તથા બાળકલાકારો દ્વારા પૂજ્ય બાપુના પરચા આધારિત નાટકો. આવા અનેકવિધ ભક્તિસભર કાર્યક્રમ.
(૭) આ યજ્ઞમાં વૈદિક મંત્રોચ્ચાર દ્વારા અગ્નિ-નારાયણનું પ્રાગટય કરવામાં આવશે.
(૮) આશ્રમ તરફથી બ્રાહ્મણ ઋષિકુમારોને સમુહયજ્ઞોપવિત વિધિનું ભવ્ય આયોજન.
(૯) યજ્ઞશાળા-ભોજનશાળા તથા ઉતારા વિભાગનું ભવ્ય આયોજન.

ચાલો આપણે સૌ શ્રી સદ્‌ગુરુ વંદના જન્મ શતાબ્દિ મહોત્સવની સફળતાના ભગીરથ કાર્યમાં અંતઃકરણપૂર્વક તન-મન-ધનથી શિષ્ય અને સેવક તરીકેનું ઋણ અદા કરવા આજથી જ જોડાઈએ અને સહયોગી બનીએ.

લી. અધ્યક્ષશ્રી પ.પૂ. સનાતન ધર્મવાહક વિદ્યમાન મહંતશ્રી દિનબંધુલાલજી મહારાજશ્રી તથા
સેવાશ્રમના ટ્રસ્ટીશ્રીઓ અને શ્રી સદ્‌ગુરુ વંદના જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતી મુ. વનથળધામ, તા. વિરમગામ

વિશેષ પૂછપરછ માટે : (૧) ઘેલાભાઈ બાર - ચુડા - (મો.) ૯૮૭૬૯૪૭૨૪૭ (૨) વિજયભાઈ પટેલ - અલીણા - (મો.) ૯૮૭૬૨૭૩૭૮૧
(૩) પ્રકાશભાઈ ઢગટ - સેવાલીયા - (મો.) ૯૪૨૮૧૫૧૯૦૭ (૪) આર. જી. વાઘેલા - બાવળા - (મો.) ૯૬૨૪૨૦૦૪૭૬
(૫) કિરીટભાઈ ઠક્કર - સેવાલીયા (મો.) ૯૬૦૪૧૩૧૪૪૫ shreejiart@gmail.com, 9879606686, 7600026686

ચાલો વનથળધામ...

જાહેર વિજ્ઞપ્તિ

આવી રહ્યું છે... ગુરુ ઋણમુક્તિનું મહાપર્વ... !!

વનથળધામ ખાતે
શ્રી સદ્‌ગુરુ વંદના જન્મ શતાબ્દી મહોત્સવ

તા. ૧ થી ૩ ડિસેમ્બર - ૨૦૧૯

પરમપૂજ્ય બા.બ્ર. ૧૦૮ ધર્મસેવાલંકાર વનથળનિવાસી સદ્‌ગુરુદેવશ્રી પુરસોત્તમલાલજી મહારાજનો 'સદ્‌ગુરુ વંદના જન્મશતાબ્દિ મહામહોત્સવ' સેવકો દ્વારા ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરવાનો સંકલ્પ કરેલ છે. આ મહોત્સવ વનથળધામ ખાતે રાખેલ છે.

આ કાર્યક્રમમાં અતિમહારુદ્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

આ અતિરુદ્ર મહાયજ્ઞનું આયોજન માગસર સુદ-૫ ને રવિવાર, તા. ૧-૧૨-૨૦૧૯ થી માગસર સુદ-૭ ને મંગળવાર, તા. ૩-૧૨-૨૦૧૯ એમ ત્રણ દિવસ દરમ્યાન ૧૨૧ કુંડી મહાયજ્ઞનો પ્રારંભ થશે. અનેક સંતો, મહંતો તથા વિદ્યમાન પંડિતો આ કાર્યક્રમને દિપાવવા તથા આશીર્વાદ આપવા ગુજરાત તથા ભારતભરમાંથી પધારશે. આ મહોત્સવ અંગેની અતિમહારુદ્ર યજ્ઞ આયોજક સમિતિ બનાવી છે તે તમામ વહીવટ કરશે.

આ અતિરુદ્ર મહાયજ્ઞમાં ૧૨૧ કુંડ થશે. તેમાં મુખ્ય પ્રધાન કુંડ ૯ રહેશે. અને તેની પ્રધાન કુંડની સેવા રૂા. ૧,૧૧,૧૧૧/- રાખેલ છે બાકીના કુંડોમાં એક કુંડ દીઠ ૪ યજમાન બેસશે તેની સેવા રૂા. ૫,૫૦૦/- રાખેલ છે તો આપણે સૌ સાથે મળીને યજ્ઞકુંડમાં યજમાન બની વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી ધન્યભાગી બનીએ.

આ યજ્ઞમાં જે કંઈ સાધન-સામગ્રી તેમજ રોકડ રકમ આપશે તેની સમિતિ સહર્ષ સ્વીકાર કરશે.

આ માંગલિક મહોત્સવનો અલભ્ય લાભ લેવા સમસ્ત ધર્મપ્રેમી જનતાને અમારુ હાર્દિક નિમંત્રણ છે.

આ માંગિલક પ્રસંગે **'શ્રી સદ્‌ગુરુ જીવન દર્શન સ્મૃતિ'** અંક બહાર પાડવામાં આવશે. જેમાં પૂજ્ય બાપુના પ્રવચન, વ્યાખ્યાનો તથા સેવકોએ પોતાને થયેલ સદ્‌ગુરુદેવનાં સંભારણાં મોકલવા જણાવવામાં આવે છે.

આ અંકમાં શુભેચ્છકની જાહેરાત સ્વીકારવામાં આવશે.

આ મહાન ભગીરથ કાર્યમાં સ્થાનિક વહીવટદારો, સ્વયંસેવકો તેમજ અન્ય સેવાકીય પ્રવૃત્તિ કરનાર શિષ્યગણનું નામ આ અંકમાં બહાર પાડવામાં આવશે. દરેક સ્વયંસેવકોને સન્માનપત્ર આપવાનું કમિટીએ વિચારેલ છે તો રથ આવે ત્યારે સ્વયંસેવકોની યાદી આપવા વિનંતી.

અતિરુદ્ર મહાયજ્ઞ

વિશેષ લ્હાવો

શ્રી સદ્‌ગુરુ પાદુકા મહાપૂજા (રાજોપચાર વિધી દ્વારા) કરવામાં આવશે પૂજામાં બેસનાર દરેક સેવકોને બાપુ તરફથી ચાંદીની ચરણ પાદુકા ભેટમાં આપવામાં આવશે.

આ જન્મ શતાબ્દિ મહોત્સવની વિશિષ્ટતાઓ

જ્યોતિરથ

(૧) વનથળધામ ખાતે ૧૦૦ એકર જમીનમાં પુરસોત્તમગનરનું ભવ્ય આયોજન.
(૨) એકસો એકવીસ (૧૨૧) કુંડી અતિમહારુદ્ર યજ્ઞનું ભવ્ય આયોજન.
(૩) ૨૧ ફુટના રુદ્રાક્ષના શિવલીંગનું ભવ્ય અને દિવ્ય આયોજન.
(૪) બાળનગરી, વ્યસનમુક્તિ કેમ્પ, સર્વરોગનિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, અશ્વશાળા, ગજશાળા, ગૌશાળા, અખંડધૂન, મંત્રલેખન, ફોટો-આર્ટ ગેલેરી, સદ્‌ગુરુ જીવન ગાથા, (ત્રિદિવસીય નાટક), સદ્‌ગુરુના જીવનચરિત્ર પર આધારિત પ્રદર્શન.
(૫) ભારતભરમાંથી પધારનાર મહામંડલેશ્વરો, સંતો-મહંતોના દિવ્ય આશીર્વાદ ધર્મસભા દ્વારા, ધર્મસંમેલન, સંતસંમેલન દરરોજ રાત્રે લોકડાયરો.
(૬) વિડિઓ પ્રોજેક્ટર દ્વારા ટેલીફિલ્મ તથા બાળકલાકારો દ્વારા પૂજ્ય બાપુના પરચા આધારિત નાટકો. આવા અનેકવિધ ભક્તિસભર કાર્યક્રમ.
(૭) આ યજ્ઞમાં વૈદિક મંત્રોચ્ચાર દ્વારા અગ્નિ-નારાયણનું પ્રાગટય કરવામાં આવશે.
(૮) આશ્રમ તરફથી બ્રાહ્મણ ઋષિકુમારોને સમુહયજ્ઞોપવિત વિધિનું ભવ્ય આયોજન.
(૯) યજ્ઞશાળા-ભોજનશાળા તથા ઉતારા વિભાગનું ભવ્ય આયોજન.

ચાલો આપણે સૌ શ્રી સદ્‌ગુરુ વંદના જન્મ શતાબ્દિ મહોત્સવની સફળતાના ભગીરથ કાર્યમાં અંતઃકરણપૂર્વક તન-મન-ધનથી શિષ્ય અને સેવક તરીકેનું ઋણ અદા કરવા આજથી જ જોડાઈએ અને સહયોગી બનીએ.

લી. અધ્યક્ષશ્રી પ.પૂ. સનાતન ધર્મવાહક વિદ્યમાન મહંતશ્રી દિનબંધુલાલજી મહારાજશ્રી તથા
સેવાશ્રમના ટ્રસ્ટીશ્રીઓ અને શ્રી સદ્‌ગુરુ વંદના જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતી મુ. વનથળધામ, તા. વિરમગામ

વિશેષ પૂછપરછ માટે : (૧) ઘેલાભાઈ બાર - ચુડા - (મો.) ૯૮૭૬૯૪૭૨૪૭ (૨) વિજયભાઈ પટેલ - અલીણા - (મો.) ૯૮૭૬૨૭૩૭૮૧
(૩) પ્રકાશભાઈ ઢગટ - સેવાલીયા - (મો.) ૯૪૨૮૧૫૧૯૦૭ (૪) આર. જી. વાઘેલા - બાવળા - (મો.) ૯૬૨૪૨૦૦૪૭૬
(૫) કિરીટભાઈ ઠક્કર - સેવાલીયા (મો.) ૯૬૦૪૧૩૧૪૪૫ shreejiart@gmail.com, 9879606686, 7600026686